City of Mississauga
300 City Centre Drive
Mississauga, ON L5B 3C1

MISSISSAUGA

# News Release

mississauga.ca facebook.com/citymississauga twitter.com/citymississauga

**આ દિવાળી સુરક્ષિત રીતે ઉજવશો: નિયમોનું પાલન કરો અને ફટાકડાનો સુરક્ષિત રીતે ઉપયોગ કરશો**

*તે સુનિશ્ચિત કરવામાં મદદરૂપ થાઓ કે દરેક જણ માટે દિવાળી આનંદમય અને સુરક્ષિત રહે.*

દિવાળી, જેને ઘણી વખત પ્રકાશના તહેવાર તરીકે ઓળખવામાં આવે છે તે આવી રહી છે, સમગ્ર મિસિસૉગા પરિવાર સહ તેની ઉજવણીની તૈયારી કરી રહ્યું છે. આ એક એવો દિવસ છે જે તિમીર ઉપર પ્રકાશના વિજયને સૂચવે છે, તેથી ઉજવણીમાં ઘણીવાર રંગબેરંગી લાઈટો, મીણબત્તીઓ, ફાનસ, ખાણીપીણી અને ફટાકડાનો સમાવેશ થાય છે.

રજાની તૈયારીઓ ચાલી રહી હોવાથી, સિટી ઓફ મિસિસૉગા નિવાસીઓને સુરક્ષાને પ્રાથમિકતા આપવાનું અને સારા પાડોશી બનવાનું યાદ અપાવી રહ્યું છે જેથી ઉજવણી દરેક જણ માટે સુરક્ષિત અને આનંદમય રહે.

**ફટાકડા**

સિટીના ફટાકડાના બાય લૉ, મુજબ શુક્રવાર, 1 નવેમ્બરના રોજ તમારી અંગત મિલકત પર દિવાળીએ ફટાકડા ફોડવાની સંધ્યાકાળથી રાત્રિના 11 વાગ્યા સુધીની છૂટ આપવામાં આવે છે. જાહેર શેરી અથવા પાર્કમાં કે 1 નવેમ્બર સિવાયના કોઈપણ અન્ય દિવસે ફટાકડા ફોડવા માટે, તમારે સિટીની પરમિટ મેળવવાની રહેશે.

જ્યારે ફટાકડાનો ઉપયોગ કરી રહ્યા હોવ તે વખતે:

- દરેક વસ્તુ પરની સૂચનાઓ, સાવચેતીઓ અને ચેતવણીઓને સંપૂર્ણપણે વાંચો અને સમજો.
- સુનિશ્ચિત કરો કે તમામ પ્રેક્ષકો અને પગપાળા ચાલનાર લોકો પ્રદર્શનથી સુરક્ષિત અંતરે રહે.
- બાળકોનું તમામ સમયે ધ્યાન રાખવું પડશે.
- વપરાયેલ અથવા વણવપરાયેલ ફટાકડાના નિકાલ માટે, ફટાકડાને સંપૂર્ણપણે પાણીમાં ડૂબાડી અને તેને આખી રાત પલાળી રાખવા. પલાળેલ ફટાકડાને પ્લાસ્ટિકની થેલીમાં વીટીં અને કચરામાં ફેંકી દેશો.

રજાઓ દરમિયાન દિવાળીની જેમ જ્યાં ફટાકડા ફોડવાનું અપેક્ષિત હોય ત્યાં, સિટી ફરિયાદો માટેના પ્રતિભાવના સમયમાં સુધારો કરવા અને ઉજવણી સુરક્ષિત રહે તે સુનિશ્ચિત કરવામાં મદદરૂપ થવા, વધુ પહેરગીરી કરવાની છૂટ આપવા માટે ફરજ પરના એન્ફોર્સમેન્ટ અધિકારીઓની સંખ્યામાં વધારો કરે છે. એવા સ્થળો જ્યાં ભૂતકાળમાં ફટાકડાના ગેરકાયદેસર ઉપયોગનો મુદ્દો થયો હતો તેવા સ્થળ ઉપર એન્ફોર્સમેન્ટ અધિકારીઓ પીલ પોલીસને સહાય કરવા માટે હાજર રહેશે.

**News Release**

City of Mississauga
300 City Centre Drive
Mississauga, ON L5B 3C1

MISSISSAUGA

mississauga.ca facebook.com/citymississauga twitter.com/citymississauga

ફટાકડાનાં ગેરકાયદેસર ઉપયોગ અંગે ફરિયાદ સબમિટ કરવા માટે, mississauga.ca/fireworksની મુલાકાત લેવી અથવા 311 પર કૉલ કરવો. ફટાકડાની ફરિયાદો માટે મહેરબાની કરીને 911 પર કૉલ કરવો નહીં સિવાય કે કોઈક ઈજા પામે અથવા ફટાકડા ફોડવાના પરિણામે નિકટવર્તી આગ લાગવાનું જોખમ હોય.

**આગ અંગેની સુરક્ષા**

**લાઈટો અને સજાવટો**

જ્યારે સજાવટની ગોઠવણ કરી રહ્યા હોવ કે તેનો આનંદ માણી રહ્યા હોવ ત્યારે આગ અંગેની સુરક્ષાને પ્રાથમિકતા આપવી તે અગત્યનું છે. દીવાઓ અને મીણબત્તીઓને ઉષ્ણતા-પ્રતિરોધક સપાટી પર મજબૂત હોલ્ડરમાં બરાબર મૂકવા જોઈએ અને હંમેશા પુખ્ત વયના લોકોએ તેના પર નજર રાખવી જોઈએ. જ્યોતથી પડદા, ફર્નિચર, સજાવટ અને ઢીલા કપડાને સુરક્ષિત અંતરે રાખવાનું તથા બાળકો અને પાળેલા પ્રાણીઓને ઉષ્ણતા અને જ્યોતના તમામ સ્ત્રોતોથી દૂર રાખવાનું યાદ રાખો. કબાટો ખુલ્લી જ્યોત માટે પર્યાપ્ત જગ્યા પૂરી પાડતા નથી.

**રસોઈ બનાવવા અંગે અને રસોડામાં રાખવાની સલામતી**

દિવાળી ઉજવણીનો સમય છે અને મિત્રો અને પરિવાર ઘણીવાર રસોડામાં જમવાના ટેબલ પર એકસાથે ભેગા થતા હોય છે. જ્યારે રસોઈ બનાવતા હોવ ત્યારે આગ અંગેની સુરક્ષાને ધ્યાનમાં રાખશો:

- બેધ્યાન થવું નહીં. જો તમારે રસોડામાંથી બહાર નીકળવાનું થાય તો ખાતરી કરો કે ગરમ ઉપકરણો બંધ કરેલ હોય.
- ટુવાલ અને કપડાંને સ્ટવથી દૂર રાખો.
- તમારા ગેરેજમાં ક્યારેય રસોઈ કે બાર્બેક્યુ બનાવવું નહીં.
- તમારા ઘર માટે ઉપયોગ કરવા પોર્ટેબલ ગેસ-ઈંધણયુક્ત રસોઈ ઉપકરણો લાવવા નહીં.
- તળતી વખતે અને તેલ વડે રાંધતી વખતે સાવચેત રહો. ગરમ તેલ સરળતાથી આગ પકડી શકે છે. થર્મોસ્ટેટ-નિયંત્રિત ડીપ-ફ્રેટ ફ્રાયરનો ઉપયોગ કરો જે સિનિશ્ચિત કરશે કે ચરબીયુક્ત પદાર્થ વધુ પડતા ગરમ ન થાય.

રજા માટે આયોજન કરતી વખતે, સલામતીને તમારી યોજનાઓનો ભાગ બનાવો, ફટાકડાનો ઉપયોગ કરતા પૂર્વે તમારા પરિવાર અને મિત્રો સાથે વાત કરો અને નિર્બળ લોકોને સુરક્ષિત રાખો.

આગને કેવી રીતે અટકાવવી તે અંગે વધુ સૂચનો માટે સિટીનું fire prevention web page ચકાસો અને મિસિસૉગામાં ફટાકડાના ઉપયોગ અને ફટાકડાના ગેરકાયદેસર ઉપયોગની જાણ કરવાની પ્રક્રિયા વિશે વધુ જાણવા માટે mississauga.ca/fireworksની મુલાકાત લેવી.

# News Release

City of Mississauga
300 City Centre Drive
Mississauga, ON L5B 3C1